અપીલ અરજી નં. ૫૩૨ તા.૨૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળ :– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી (૧) **CZ/S/3/5958** નંબરનું ગુમાસ્તાધારા લાઈસન્સ કયા ઓફીસરે ઈશ્યુ કરેલ છે, તથા રસીદ નં.૩૨૭૮૩૫ કયા ઓફીસરે તા.૨૬–૧૧–૧૯૮૭ ના રોજ રૂા. પાંચ (૦૫) લઈ વસુલ કરેલ છે તેની માહિતી આપો, (૨) ફોર્મ–એ માં લખેલ તા.૯–૧૧–૧૯૮૭ કામકાજ શરૂ કર્યાની બતાવેલ છે શાના આધારે લખેલ છે? (૩) ઝેરી રસાયણો (કેમીકલ) તથા પ્રોવિઝન સ્ટોર્સ (ખાદ્ય પદાર્થો) બંને સાથે કઈરીતે બી.પી.એમ.સી. એકટ હેઠળ એકજ દુકાનમાં વેચી શકાય તેનો ખુલાસો કરો. તેવી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૩૨/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા.૧૧–૧૧–૧૧ની અરજીથી(૧) **CZ/S/3/5958** નંબરનું ગુમાસ્તાધારા લાઈસન્સ કયા ઓફીસરે ઈશ્યુ કરેલ છે, તથા(૨)રસીદ નં.૩૨૭૮૩૫ કયા ઓફીસરે તા.૨૬–૧૧–૧૯૮૭ ના રોજ રૂા. પાંચ (૦૫) લઈ વસુલ કરેલ છે તેની માહિતી આપો, ફોર્મ–એ માં લખેલ તા.૯–૧૧–૧૯૮૭ કામકાજ શરૂ કર્યાની બતાવેલ છે શાના આધારે લખેલ છે? (૩) ઝેરી રસાયણો (કેમીકલ) તથા પ્રોવિઝન સ્ટોર્સ (ખાદ્ય પદાર્થો) બંને સાથે કઈરીતે બી.પી.એમ.સી. એકટ હેઠળ એકજ દુકાનમાં વેચી શકાય તેનો ખુલાસો કરો તેવી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે માંગેલ માહિતી અધૂરી પૂરી પાડી છે ઉપરાંત પાયા વગરના જવાબો આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા તેમજ 'એ' ફોર્મની નકલ–પુરાવા સહિત હકીકત મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૫ તા.૧૧–૧–૧૨ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે રજૂ કરવા સાથે તેમણે ગુમાસ્તા નોંધણી જોગવાઈનો અભ્યાસ કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરી નારાજગીના આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૨૩૧૦ તા.૩–૨–૧૧થી ના. આરોગ્ય નિરીક્ષકના રીપોર્ટની નકલ, નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ./૧૬૭૨ તા.૮–૧૨–૧૧થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આ./૧૬૭૨ તા.૮–૧૨–૧૧થી અરજદારને માહિતી સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં. (૧) **CZ/S/3/5958** નંબરનું ગુમાસ્તાધારા લાઈસન્સ કયા ઓફીસરે ઈશ્યુ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોંધણી પ્રમાણપત્ર દુકાનો અને સંસ્થાનું નિરીક્ષકશ્રી બી.કે.પવાર ધ્વારા ઈશ્યુ કરવામાં આવેલ છે. તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.(૨) રસીદ નં.૩૨૭૮૩૫ કયા ઓફીસરે તા.૨૬–૧૧–૧૯૮૭ ના રોજ રૂા. પાંચ (૦૫) લઈ વસુલ કરેલ છે તેની માહિતી આપો, ફોર્મ–એ માં લખેલ તા.૯–૧૧–૧૯૮૭ કામકાજ શરૂ કર્યાની બતાવેલ છે શાના આધારે લખેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતા માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૩) ઝેરી રસાયણો (કેમીકલ) તથા પ્રોવિઝન સ્ટોર્સ (ખાદ્ય પદાર્થો) બંને સાથે કઈરીતે બી.પી.એમ.સી. એકટ હેઠળ એકજ દુકાનમાં વેચી શકાય તેનો ખુલાસો કરો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ધી બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ ના ભાગ ૧/૨/૩/૪/ તથા સુરત મ્યુનીસીપલ રૂલ્સના ચેપ્ટર–૯ રૂલ–૨૨૫(અ) અનુસાર પરવાનો આપવામાં આવે છે. લાયસન્સ જે આપવામાં આવે તેની પુસ્તીકા બુકમાં ખાદ્યઅને અખાદ્ય પદાર્થની વિગત દર્શાવવામાં આવેલ છે. જે બન્ને પુસ્તીકાના કુલ પાના નંગ–૨૪ ના રૂા.૪૮/– ભર્યેથી નકલ કોપી મળી શકશે. તેવુ જણાવેલ.

અરજદારે માંગેલ માહિતી અધૂરી પૂરી પાડી છે ઉપરાંત પાયા વગરના જવાબો આપેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે ફોર્મ–એ માં લખેલ તા.૯–૧૧–૧૯૮૭ કામકાજ શરૂ કર્યાની બતાવેલ છે શાના આધારે લખેલ છે? આ વિગત ઝોનલચીફ તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. કામકાજ શરૂ કર્યાની તારીખ, ખરીદ–વેચાણના બિલ ઉપરતી નકકી કરાય છે તો આવા પુરાવા ગુમાસ્તાધારા નિરીક્ષકે ચેક કર્યા હતા કે નહિં તે જણાવો. તા.૨૬–૧૧–૧૯૮૭ ના રોજ રૂા. પાંચ (૦૫) રસીદ નં.૩૨૭૮૩૫ થી **MMS** નામની સહીથી વસુલાયેલા છે એવુ **CZ/S/3/5958** નંબરનું નમુનો–એ કોર્મ જોતા માલૂમ પડે છે. અને જવાબ આપો છો કે ઉપલબ્ધ દફતરી રેકર્ડ જોતા માહિતી ઉપલબ્ધ નથી આ જવાબ ઉડાઉ છે અને પાયા વગરનો , અધિકારીને બચાવવા માટે લખેલો હોય એમ જણાય છે. રેકર્ડ નથી એવુ જો તમે જણાવતા હોય તો આ રૂા.૫ (પાંચ) એસ.એમ.સી. ધ્વારા વસુલાયા જ નથી અને ગેરકાયદેસર રીતે ગુમાસ્તાધારા રજી. સર્ટી ખોટા વ્યકિતઓને ઈશ્યુ કરવામાં આવેલુ છે એવું ફલીત થાય છે. સંસ્થા ધ્વારા જે પુસ્તિકા આપવામાં (પ્રકરણ–૧૮, ચેપ્ટર–૯ બી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ તથા એસ.એમ.સી રૂલ્સ) આવી છે. તેનો અભ્યાસ કર્યા પછી માલમ પડે છે કે તેમાં જણાવેલ અધિનિયમો તેમજ માહિતી મુજબ, એક જ દુકાનમાં કે જયાં કોઈપણ પ્રકારનું goods demareation, senerate allocation of goods (ખાદ્ય પદાર્થો અને અખાદ્ય પદાર્થોને વ્યવસ્થિત રીતે જુદા જુદા રાખી સંગ્રહ કરવો)નથી તો પછી દુકાન કોના મેળાપીપણાંમાં ચાલે છે. દુકાનમાં સરેઆમ કાયદાનો ભંગ નરી આંખે દેખાય છે. શ્રી 'શ્રીજી કેમીકલ અને પ્રોવિઝન સ્ટોર્સ 'અનન્ય દુકાન છે કે જે આદ્ય–અખાદ્ય (કેમીકલ) પદાર્થો બી.પી.એમ.સી. એકટની જોગવાઈ હેઠળ કાયદાનો છડેચોક ભંગ કરીની વેચે છે. તે અંગે પગલા લેતા નથી. અચોકકસ અને પાયા વગરના ખુલાસાઓ આપવાનું બંધ કરો તેવી રજુઆત કરેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૬૫ તા.૧૧–૧–૧૨ થી મુળ અરજીથી માંગેલ માહિતીની વિગતો જણાવેલ ન હોઈ તે રજૂ કરવા સાથે તેમણે ગુમાસ્તા નોંધણી જોગવાઈનો અભ્યાસ કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરી નારાજગીના આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ આધાર કે પુરાવા રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પુરી પડાયેલ હોઈ પરંતુ રૂા.૫/– (પાંચ) વસુલાત અંગેની વિગત દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનુ જણાવેલ છે.જે અંગે નાણાંની વસુલાતના આનુષાંગિક રેકર્ડ જેવા કે રસીદબુક, નાણાં ભરણા રજીસ્ટર, બીલ રજીસ્ટર તથા એકાઉન્ટ વિભાગ વાઉચર દફતરે ઉપલબ્ધ હોય તેવા રેકર્ડનું અરજદારને દિન–૭માં આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી ઈન્સ્પેકશન પુરુ પાડવા તથા તે અંગે થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) ડો.પંકજ જયંતિલાલ ગાંધી